સરદાર વલ્લભભાઇ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી,ઇચ્છાનાથ,

ગાર્ડનિંગ એન્ડ કેમ્પસ બ્યુટિફિકેશન સેકશન, સુરત-૩૯૫૦૦૭.

# ઘાસ કાપવાના કોન્ટ્રાકટનું ટેન્ડર

# વર્ષ ૨૦૨૫-૨૬

# (એક વર્ષ માટે)

ગાર્ડન/૮૪/ ૨૦૨૫-૨૬

તારીખ: ૨૪/૦૯/૨૦૨૫

# ટેન્ડર ફોર્મ

| | | | |
|---|---|---|---|
| ૧. | ટેન્ડર લેનારનું નામ અને સરનામું | : | ......................................................................................... ......................................................................................... |
| ૨. | કામનો પ્રકાર | : | એસ.વી એન.આઈ.ટી. સંસ્થાના કેમ્પસમા ઘાસ અને બીન જરૂરી કાંટાવાળી વનસ્પતિ/ઝાડની કાપણી કરીને લઈ જવાનું કામ. |
| ૩. | કોન્ટ્રાકટની ઓછામાં ઓછી અંદાજીત રકમ | : | રૂ.૩૫,૦૦૦/- (પાંત્રીસ હજાર રૂપિયા પૂરા) |
| ૪. | ભરેલ ટેન્ડર પરત લેવાની છેલ્લી તારીખ | : | તા.૦૩/૧૦/૨૦૨૫ સાંજે ૧૨:૩૦ કલાક સુધી |
| ૫. | ટેન્ડર ખોલવાની તારીખ | : | તા.૦૩/૧૦/૨૦૨૫ બપોરે ૫:૦૦ કલાકે |

ફેકલ્ટી ઈન્ચાર્જ
ગાર્ડનીગ એન્ડ કેમ્પસ બ્યુટિફિકેશન સેકશન

# સરદાર વલ્લભભાઇ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી,ઇચ્છાનાથ, ગાર્ડનિંગ એન્ડ કેમ્પસ બ્યુટિફિકેશન સેકશન, સુરત-૩૯૫૦૦૭.

**કોન્ટ્રાકટ આપ્યાની તારીખ થી તા. ૨૦૨૫ સુધીના સમયગાળા માટે ઘાસ કાપવાના કોન્ટ્રાકટની શરતો**

૧. ટેન્ડર ભરનારે સદર ખુલ્લી જમીન અને ખુલ્લી જગ્યાની ( બાગ-બગીચા, રમત-ગમતના મેદાનો સિવાયની) સ્થળ મુલાકાત કરી, જોઇને જ ટેન્ડર ભર્યા બાદ પાછળથી તે બાબતમાં કોઇપણ તકરાર ચાલશે નહી.

૨. કોન્ટ્રાકટરે સિકયોરિટી ડિપોઝીટની રકમ તરીકે રૂ.૧૦,૦૦૦/- કોન્ટ્રાકટ મળીએ થી તાત્કાલિક ભરવાની રહેશે જે અનામતની રકમ ટેન્ડર મુજબ કોન્ટ્રાકટ પૂરો થયેથી પરત કરવામાં આવશે.

૩. ઘાસની ઓછામાં ઓછી અંદાજીત કિંમત રૂ.૩૫,૦૦૦/- (પાંત્રીસ હજાર રૂપિયા પૂરા) રાખવામાં આવી છે.

૪. સ્વીકારેલી કોન્ટ્રાકટની રકમ તથા સિકયોરિટી ડિપોઝીટ (૧૦૦%) હિસાબી શાખામાં જમા કરાવ્યા પછી જ ઘાસ કાપીને લઇ જવાની પરવાનગી આપવામાં આવશે.

૫. જે પાર્ટીનું ટેન્ડર મંજૂર થાય તે ટેન્ડરની રકમ જમા કરાવ્યા પછી કોઇ સંજોગોમાં કામગીરી કરી ન શકે તેવા સંજોગોમાં ભરેલ રકમ કોઇપણ સંજોગોમાં પરત આપવામાં આવશે નહી.

૬. ઘાસ કાપતી વખતે છોડ/ઝાડ કે કોઇપણ જાતની કાંટાવાળી વનસ્પતિ કે જંગલી બાવળના છોડ/ઝાડ મૂળમાંથી ફરીથી ઉગે નહી તે મુજબ કાઢી નાખવાના રહેશે.

૭. ટેન્ડર ફકત ઘાસ કાપીને લઇ જવાનું જ છે એ સિવાય કોન્ટ્રાકટ રાખનાર ઇસમોને બીજો કોઇ હકક નથી. ઘાસ કાપતા બીજી કોઇપણ મિલ્કતોને કોઇ જાતનું નુકશાન થવું ન જોઇએ જેની ખાસ કાળજી રાખવી. જો તેમ કરવામાં આવશે તો નુકશાનીના પૈસા વસુલ કરવામાં આવશે.

૮. કોન્ટ્રાકટરે ઘાસ કાપતી વખતે` કાંટાવાળી વનસ્પતિ ના છોડને સાફ કરવાની તથા તેને સાફ કરતી વખતે ઉપયોગી છોડને નુકશાન ન થાય તે માટેની કાળજી રાખવાની રહેશે.

૯. કોન્ટ્રાકટરે તેના ખર્ચે ઘાસ અને કાંટાવાળી છોડ/ઝાડ કાપવાનું તથા તેનો નિકાલ કરવાનું રહેશે.

૧૦. કેમ્પસના મકાનોની આજુબાજુ ના ૧૫ થી ૨૦ ફૂટ સુધીના વિસ્તારમાં તથા રસ્તાની આજુબાજુના જો કાંટાવાળી છોડ/ઝાડ કે રસ્તાની આજુબાજુના ઘાસને દૂર કરવાની અગ્રિમતા આપવાની રહેશે. જો તેમ કરવામાં નહી આવશે તો તે કામ સંસ્થા તરફથી કરાવી લેવામાં આવશે. તેમનો સંપૂર્ણ ખર્ચ કોન્ટ્રાકટરની અનામત રકમમાંથી કાપી લેવામાં આવશે.

૧૧. ઘાસ કાપીને લઇ જનાર પાર્ટીએ ઉગેલું લીલુ તેમજ સૂકુ ઘાસ કોન્ટ્રાકટ આપ્યાની તારીખથી તરત જ કાપીને લઇ જવાનું રહેશે તથા આ ટેન્ડર/કામગીરી ફકત એક વર્ષ માટે જ માન્ય રહેશે.

૧૨. આ કંપાઉન્ડમાં કોઇ પણ પ્રાણીઓને પ્રવેશવા દેવામાં આવશે નહી.

૧૩. ઘાસ કાઢતી વખતે રોપેલા છોડ તેમજ ડ્રિપ ઇરિગેશન પ્લાસ્ટિક પાઇપ લાઇનો નાંખેલી હોવાથી તેને નુકશાન થવું જોઇએ નહી અગર નુકશાન થશે તો સિકયોરિટી ડિપોઝીટમાંથી વસુલ કરવામાં આવશે.

૧૪. કોન્ટ્રાકટરે ફેકલ્ટી ઇનચાર્જ /સુપરવાઇઝર ગાર્ડનિંગ એન્ડ કેમ્પસ બ્યુટિફિકેશન સેકશનની સૂચના મુજબ કામ રહેશે.

૧૫. કોન્ટ્રાક્ટ મેળવનાર કોન્ટ્રાક્ટરે જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર કોન્ટ્રાક્ટ એગ્રીમેન્ટ કરવાનો રહેશે.

૧૬. ટેન્ડરમાં દર્શાવ્યા મુજબની કામગીરી કરવા માટે રાખવામાં આવતા મજૂરો, હેલ્પરો કે કામ સાથે સંકળાયેલા અન્ય ઇસમોનો વીમો જે તે પાર્ટીએ ઉતારવાનો રહેશે. અકસ્માત થવાના સંજોગોમાં ઉભી થતી તમામ જવાબદારી જે તે પાર્ટી/કોન્ટ્રાક્ટરની રહેશે. કામગીરી દરમિયાન સુરક્ષાના તમામ પગલાઓ પાર્ટીએ લેવાના રહેશે.

૧૭. એસ. વી. એન. આઇ. ટી. કેમ્પસ ઉપર વિવિધ સ્થળોએ વૃક્ષારોપણનું મહાઅભિયાન શરૂ કરવામાં આવેલ છે, તે માટે વિવિધ સ્થળો ઉપર રોપાયેલા રોપાઓ કુમળા હોઇ તેને ઇજારદાર દ્વારા કોઇપણ પ્રકારે નુકશાન ન થાય તેની તકેદારી રાખવાની રહેશે તથા આ બાબતે સિક્યોરિટી ઓફિસર શ્રી એસ. એમ. તિવારીની સૂચનાઓનું અમલીકરણ કરવાનું રહેશે.

૧૮. કોન્ટ્રાક્ટરે કામ પૂર્ણ થયા બાદ ફેકલ્ટી ઇનચાર્જ ગાર્ડનિંગ એન્ડ કેમ્પસ બ્યુટિફિકેશન સેકશનની પાસે કામ પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ સિક્યોરિટી ડિપોઝિટ મેળવવા પાત્ર રહેશે.

૧૯. દરરોજ ઓછામાં ઓછા ૧૦-૧૫ રોજમદાર લાવવાના રહેશે અને એમની વહેંચણી ફેકલ્ટી ઇનચાર્જ/સુપરવાઇઝર ગાર્ડનિંગ એન્ડ કેમ્પસ બ્યુટિફિકેશન સેકશનની સૂચના મુજબ કરવાની રહેશે.

૨૦. ટેન્ડરમાં ભાવો આંકડામાં અને શબ્દોમાં સ્પષ્ટ અક્ષરોથી ભરવાના રહેશે. જો તેમાં કોઇ પણ પ્રકારનો તફાવત જણાશે તો, ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે. જેથી પાર્ટીએ ભાવ ભરવામાં ધ્યાન આપવું.

૨૧. પાન કાર્ડ અને જી.એસ. ટી. નંબર હશે તો જ પાર્ટી ટેન્ડર ભરી શકશે. પાન કાર્ડની ઝેરોક્ષ કોપી વગરનું ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.

૨૨. આપે ભરેલા ભાવો સીલબંધ કવરમાં આ સાથે જોડેલા બિડાણમાં ટેન્ડર ડોકયુમેન્ટમાં આપેલ સમય મર્યાદા મુજબ તા: ૦૧/૧૦/૨૦૨૫ ના રોજ ઓફિસ સમય દરમ્યાન સુધીમાં જમા કરાવવાનું રહેશે. આ નકકી કરેલા સમય પછી ભાવપત્રક જમા કરાવશો તો ટેન્ડર રદબાતલ થશે.

૨૩. આ બાબતમાં કોઇ પણ વાંધો પડે તો તેના નિકાલ સુરત કાયદેસરની હૂકુમત હેઠળ કરવામાં આવશે.

૨૪. આ સંસ્થાના નિયામકશ્રી ને કોઇપણ ટેન્ડર સ્વિકારવા અથવા તમામ ટેન્ડરો કારણ દર્શાવ્યા વગર રદ કરવાનો અધિકાર રહેશે.

૨૫. **કોન્ટ્રાક્ટરનું કામ જો સંતોષકારક રહેશે તો આ કામની સમયમર્યાદા એક વર્ષ સુધી લંબાવી શકાશે.**

ઉપરની શરતો ૧ થી ૨૫ અમોને કબુલ છે.

..............................................................

કોન્ટ્રાક્ટરની સહી તથા સિક્કો

સ્થળ: સુરત
તારીખ:

સરનામું:...........................................
.............................................
.............................................

# સરદાર વલ્લભભાઇ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ઇચ્છાનાથ, ગાર્ડનિંગ એન્ડ કેમ્પસ બ્યુટિફિકેશન સેકશન, સુરત-૩૯૫૦૦૭.

કોન્ટ્રાકટ આપ્યાની તારીખ થી એક વર્ષ ની મુદત દરમ્યાન ઘાસ કાપવાના માટેનું ભાવ પત્રક

## કોન્ટ્રાકટની વિગત

એસ.વી.એન.આઇ.ટી. સંસ્થાના કેમ્પસમા ચોરસફૂટ એરિયામાં ઘાસ અને બીન જરૂરી કાંટાવાળી વનસ્પતિ/ઝાડની કાપણી કરીને લઇ જવાનું રહેશે.

કુલ રકમ: ......................................

..................................................

કોન્ટ્રાકટરની સહી તથા સિક્કો

સ્થળ: સુરત

તારીખ:

સરનામું:.......................................

.......................................

.......................................

જી.એસ.ટી.નંબર:..............................